# ગુજરાત વિધાનસભા સચિવાલય

## પંદરમી ગુજરાત વિધાનસભા

### ચોથું સત્ર

## મંગળવાર, ૨૭ ફેબ્રુઆરી, ૨૦૨૪ (બીજી બેઠક)

----

**જવાબ આપનાર માનનીય મંત્રીશ્રીઓઃ** [સામાન્ય વહિવટ - ગૃહ અને પોલીસ હાઉસિંગ - શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ - બંદરો - ખાણ અને ખનિજ - માહિતી અને પ્રસારણ - વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી - તમામ નીતિ વિષયક બાબતો અને અન્ય કોઈ મંત્રીશ્રીઓને ન ફાળવેલ તમામ વિષયો - માર્ગ અને મકાન અને પાટનગર યોજના - નર્મદા અને કલ્પસર - વાહન વ્યવહાર - મહેસૂલ અને આપત્તિ વ્યવસ્થાપન - યાત્રાધામ વિકાસ - સરહદી સુરક્ષા - નાગરિક સંરક્ષણ - ગૃહ રક્ષક દળ અને ગ્રામ રક્ષક દળ - જેલ - નશાબંધી અને આબકારી - સ્વૈચ્છિક સંસ્થાઓનું સંકલન - બિન નિવાસી ગુજરાતીનો પ્રભાગ - રમતગમત અને યુવક સેવા - પંચાયત - વહિવટી સુધારણા અને તાલીમ આયોજન ].

**કુલ પ્રશ્નો 63**

----

### બનાસકાંઠા જિલ્લામાં આરોગ્ય કેન્દ્ર માટે સરકારી જમીન આપવા

15/4/1900 *1 **શ્રી પ્રવિણકુમાર ગોરધનજી માળી (ડીસા):**

**મહેસૂલ અને આપત્તિ વ્યવસ્થાપન :-**

માનનીય **મુખ્યમંત્રીશ્રી (મહેસૂલ)** જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં બનાસકાંઠા જિલ્લામાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર, પેટા આરોગ્ય કેન્દ્ર અને સામૂહિક આરોગ્ય કેન્દ્રના હેતુ માટે સરકારી જમીન આપવા અંગે કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને

(૨) મંજૂર કરેલ અરજીઓ પૈકી ઉક્ત સ્થિતિએ કેટલી જમીનની ફાળવણી કરવામાં આવી?

----

### બનાસકાંઠા જિલ્લામાં કેનાલોની બાકી કામગીરી

15/4/1912 *2 **શ્રી કેશાજી શિવાજી ચૌહાણ (દિયોદર):**

**નર્મદા અને કલ્પસર :-**

માનનીય **મુખ્યમંત્રીશ્રી (નર્મદા)** જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં બનાસકાંઠા જિલ્લામાં નર્મદાની કયા પ્રકારની કેટલી લંબાઈની કેનાલો બનાવવાનું આયોજન હતું,

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ કેટલી લંબાઈની કેનાલો બનાવવામાં આવી, અને

(૩) બાકી લંબાઈની કેનાલો બનાવવાનું કામ કયારે પૂર્ણ કરવામાં આવશે?

----

**અમદાવાદ પોલીસ કમિશ્નર હેઠળના પોલીસ સ્ટેશનોમાં મંજૂર મહેકમ**

15/4/2390 *3 **શ્રી ઈમરાન યુસુફભાઇ ખેડાવાલા (જમાલપુર-ખાડીયા):**

**ગૃહ અને પોલીસ હાઉસિંગ :-**

માનનીય **મુખ્યમંત્રીશ્રી (ગૃહ)** જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા.૩૧/૧૨/૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અમદાવાદ પોલીસ કમિશ્નરના તાબા હેઠળના તમામ પોલીસ સ્ટેશનોમાં કેટલું મહેકમ મંજુર થયેલ છે,

(૨) ઉક્ત સ્થિતિએ મંજુર થયેલ મહેકમ મુજબ કેટ કેટલી જગ્યા કેટલા સમયથી ખાલી છે, અને

(૩) મંજુર મહેકમ મુજબ ખાલી જગ્યા ભરવા સરકારે શું કાર્યવાહી કરી?

----

**માળીયા (મિયાણા) તાલુકા પંચાયત કચેરીનું નવીન મકાન બનાવવાની કાર્યવાહી**

15/4/1890 *4 **શ્રી કાંતીલાલ શીવલાલ અમૃતિયા (મોરબી):**

**પંચાયત :-**

માનનીય **મુખ્યમંત્રીશ્રી (પંચાયત)** જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ મોરબી જિલ્લામાં માળીયા (મિયાણા) તાલુકા પંચાયત કચેરીનું નવીન મકાન બનાવવાની કાર્યવાહી કયા તબક્કે છે, અને

(૨) ઉક્ત મકાન માટે કેટલી રકમની વહીવટી મંજૂરી આપવામાં આવી છે?

----

**ધ્રાંગધ્રા શાખા નહેરની નવા ઘનશ્યામગઢ ડીસ્ટ્રી (ડી-૧૮)ની હળવદ માઈનોર-૧ની લંબાઈ**

15/4/1913 *5 **શ્રી પ્રકાશભાઈ પરસોતમભાઈ વરમોરા (ધ્રાંગધ્રા):**

**નર્મદા અને કલ્પસર :-**

માનનીય **મુખ્યમંત્રીશ્રી (નર્મદા)** જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ ધ્રાંગધ્રા શાખા નહેરમાંથી નીકળતી નવા ઘનશ્યામગઢ ડીસ્ટ્રી (ડી-૧૮)ની હળવદ માઈનોર-૧ની કુલ લંબાઈ કેટલી છે,

(૨) આ પૈકી કેટલી લંબાઈનું કામ પૂર્ણ કરવામાં આવેલ છે, અને

(૩) સદરહુ માઈનોરમાં કેટલી લંબાઈમાં પાણીનું વહન થાય છે?

----

## સાબરકાંઠા અને ગાંધીનગર જિલ્લામાં કોવિડ-૧૯થી મૃત્યુ પામેલા વ્યક્તિઓના ખોટા દસ્તાવેજો રજૂ કરી સહાય મેળવવા બાબત

15/4/2317 *6 **ડૉ. તુષાર અમરસિંહ ચૌધરી (ખેડબ્રહ્મા):**

**મહેસૂલ અને આપત્તિ વ્યવસ્થાપન :-**

માનનીય મુખ્યમંત્રીશ્રી (મહેસુલ) જણાવવા કૃપા કરશે કે :-

(૧) તા.૩૧-૧૨-૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સાબરકાંઠા અને ગાંધીનગર જિલ્લામાં જિલ્લાવાર કોવિડ-૧૯થી મૃત્યુ પામેલા વ્યક્તિઓના વારસદારોને સરકાર દ્વારા અપાતી સહાયના ખોટા દસ્તાવેજો રજૂ કરી સહાય મેળવી છે તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો ઉક્ત જિલ્લાવાર કેટલા ઈસમોએ કેટલી રકમ મેળવી હોવાનું સામે આવ્યું,

(૩) તે પૈકી ઉક્ત જિલ્લાવાર કેટલા ઈસમો પાસેથી કેટલી મૂળ રકમ અને કેટલી વ્યાજની રકમ પરત વસૂલવામાં આવી,

(૪) ઉક્ત જિલ્લાવાર કેટલા ઈસમો પાસેથી કેટલી મૂળ રકમ અને કેટલી વ્યાજની રકમ વસૂલવાની બાકી છે, અને

(૫) ઉક્ત સ્થિતિએ બાકી રકમ વસૂલવા શા પગલાં લેવામાં આવ્યા?

----

## જૂનાગઢ જિલ્લામાંથી નકલી ડી.વાય.એસ.પી પકડવા બાબત

15/4/2461 *7 **શ્રી અરવિંદભાઈ જીણાભાઈ લાડાણી (માણાવદર):**

**ગૃહ અને પોલીસ હાઉસિંગ :-**

માનનીય **મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કેઃ-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં જૂનાગઢ જિલ્લામાંથી પકડી પાડવામાં આવેલ નકલી ડી.વાય.એસ.પી દ્વારા કેટલા નાગરીકો સાથે કેટલી રકમની છેતરપીંડી અને વિશ્વાસઘાત કર્યાનું સામે આવ્યું, અને

(૨) ઉકત સ્થિતિએ તે પૈકી કેટલી રકમ મેળવી છેતરપીંડી અને વિશ્વાસઘાતનો ભોગ બનનારને પરત કરવામાં આવી?

----

## અરવલ્લી જિલ્લામાં નાયબ જિલ્લા વિકાસ અધિકારીની ખાલી જગ્યાઓ ભરવા બાબત

15/4/1895 *8 **શ્રી પી.સી. બરંડા (ભીલોડા):**

**પંચાયત :-**

માનનીય **મુખ્યમંત્રીશ્રી (પંચાયત)** જણાવવા કૃપા કરશે કેઃ-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ અરવલ્લી જિલ્લામાં નાયબ જિલ્લા વિકાસ અધિકારીની કુલ કેટલી જગ્યા મંજૂર થયેલ છે,

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ કેટલી જગ્યાઓ ભરાયેલ છે અને કેટલી જગ્યાઓ ખાલી છે, અને

(૩) આ ખાલી જગ્યાઓ ભરવા માટે શું આયોજન છે?

----

## નર્મદા જિલ્લામાં સરકારી અધિકારીને ડરાવવા/ધમકાવવા અને લાંચ માંગવાના નોંધાયેલ ગુના

15/4/2469 *9 **શ્રી ગુલાબસિંહ સોમસિંહ ચૌહાણ (લુણાવાડા):**

**ગૃહ અને પોલીસ હાઉસિંગ :-**

માનનીય **મુખ્યમંત્રીશ્રી (ગૃહ)** જણાવવા કૃપા કરશે કેઃ-

(૧) તા.૧૫/૧૧/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં નર્મદા જિલ્લામાં સરકારી અધિકારીઓને ડરાવવા, ધમકાવવા અને લાંચ માંગવા અંગેના કેટલા ગુનાઓ નોંધાયા,

(૨) ઉક્ત ગુનામાં સંડોવાયેલા કેટલા ઈસમોને પકડવામાં આવ્યા અને કેટલા ઈસમોને પકડવાના બાકી છે, અને

(૩) બાકી ઈસમોને પકડવા શા પગલાં લેવામાં આવ્યા?

----

## સાબરકાંઠા જિલ્લામાં તાલુકા વિકાસ અધિકારીની ખાલી જગ્યાઓ ભરવા બાબત

15/4/1896 *10 **શ્રી વિનેન્દ્રસિંહ દિલીપસિંહ ઝાલા (હિંમતનગર):**

**પંચાયત :-**

માનનીય **મુખ્યમંત્રીશ્રી (પંચાયત)** જણાવવા કૃપા કરશે કેઃ-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ સાબરકાંઠા જિલ્લાના તાલુકાઓમાં તાલુકા વિકાસ અધિકારીની કુલ કેટલી જગ્યા મંજૂર થયેલ છે,

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ કેટલી જગ્યાઓ ભરાયેલ છે અને કેટલી જગ્યાઓ ખાલી છે, અને

(૩) આ ખાલી જગ્યાઓ ભરવા માટે શું આયોજન છે?

----

**રાજકોટ જિલ્લામાં જી.આઈ.ડી.સી. માટે જમીન ફાળવવા બાબત**

15/4/1903 *11 **શ્રી રમેશભાઈ વીરજીભાઈ ટીલાળા (રાજકોટ દક્ષિણ):**

**મહેસૂલ અને આપત્તિ વ્યવસ્થાપન :-**

માનનીય **મુખ્યમંત્રીશ્રી (મહેસૂલ)** જણાવવા કૃપા કરશે કેઃ-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજકોટ જિલ્લામાં જી.આઈ.ડી.સી. માટે જમીન ફાળવવામાં આવી તે હકીકત સાચી છે, અને

(૨) જો ઉકત બાબતે જમીનની ફાળવણી કરવામાં આવેલ હોય તો કેટલી જમીન કયારે ફાળવવામાં આવેલ છે?

----

**અમદાવાદ શહેરનું નામ કર્ણાવતી કરવા બાબત**

15/4/2485 *12 **શ્રી શૈલેષ મનુભાઈ પરમાર (દાણીલીમડા):**

**સામાન્ય વહિવટ :-**

માનનીય **મુખ્યમંત્રીશ્રી (સામાન્ય વહીવટ)**જણાવવા કૃપા કરશે કેઃ-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ અમદાવાદ શહેરનું નામ કર્ણાવતી કરવા માટે રાજ્ય સરકાર દ્વારા શા પ્રયાસો કરવામાં આવ્યા, અને

(૨) તે અન્વયે કયારે કોના તરફથી શા પ્રતિભાવ મળ્યા?

----

**કચ્છ જિલ્લામાં પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજના હેઠળનાં માર્ગો**

15/4/2209 *13 **શ્રી પ્રદ્યુમનસિંહ મહિપતસિંહ જાડેજા (અબડાસા):**

**માર્ગ અને મકાન અને પાટનગર યોજના :-**

માનનીય **મુખ્યમંત્રીશ્રી (માર્ગ અને મકાન)** જણાવવા કૃપા કરશે કેઃ-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કચ્છ જીલ્લાના નખત્રાણા,અબડાસા અને લખપત તાલુકાઓમાં પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજના હેઠળ કેટલી દરખાસ્તો આવી છે,અને

(૨) તે પૈકી કેટલા અને ક્યા ક્યા માર્ગો મંજુર થયા છે ?

----

**પાટણ અનેકચ્છ જિલ્લામાં સરકારી, પડતર, ખરાબા અને ગૌચરની જમીન ફાળવવા બાબત**

15/4/2498 *14 **શ્રી દિનેશભાઈ આતાજી ઠાકોર (ચાણસ્મા):**

**મહેસૂલ અને આપત્તિ વ્યવસ્થાપન :-**

માનનીય **મુખ્યમંત્રીશ્રી (મહેસૂલ)** જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર પાટણ અને કચ્છ જિલ્લામાં જિલ્લાવાર સરકારી, પડતર, ખરાબા અને ગૌચરની કેટલી જમીન ભાડે અથવા વેચાણ આપવાના હુકમો કરવામાં આવ્યા,

(૨) ઉક્ત સ્થિતિએ ભાડે અથવા વેચાણ આપેલ જમીન અન્વયે સરકારને કેટલી આવક થઈ, અને

(૩) ઉક્ત સ્થિતિએ ભાડે અથવા વેચાણ આપેલ જમીનમાં હેતુફેર ઉપયોગ થવાની કેટલી ફરિયાદો સરકારને મળી?

----

**ગાંધીનગર અને અમદાવાદ જિલ્લામાં ખોટી રીતે ખેડુત ખાતેદાર બનવા બાબત**

15/4/2464 *15 **શ્રી અમિત ચાવડા (આંકલાવ):**

**મહેસૂલ અને આપત્તિ વ્યવસ્થાપન :-**

માનનીય **મુખ્યમંત્રીશ્રી (મહેસૂલ)** જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ ગાંધીનગર અને અમદાવાદ જિલ્લામાં જિલ્લાવાર ખોટી રીતે ખાતેદાર ખેડૂત બન્યા બાબતના કેટલા કિસ્સાઓની તપાસ પડતર છે,

(૨) ઉક્ત પડતર કિસ્સાઓ પૈકી કેટલા કિસ્સાઓ એક વર્ષ અને બે વર્ષ કરતાં વધુ સમયથી પડતર છે, અને

(૩) આવી તપાસો વહેલી તકે પૂર્ણ કરવા સરકારે શા પગલાં લીધાં?

----

**અમૃત ૨.૦ મિશન અંતર્ગત સુરત મહાનગરપાલિકાની કામગીરી**

15/4/1897 *16 **શ્રીમતી સંગીતાબેન પાટીલ (લીંબાયત):**

**શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ :-**

માનનીય **મુખ્યમંત્રીશ્રી (શહેરી વિકાસ)** જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અમૃત ૨.૦ મિશન અંતર્ગત સુરત મહાનગરપાલિકામાં કેટલા કામ હાથ ધરવામાં આવેલ છે,

(૨) ઉક્ત સ્થિતિએ તે પૈકી કેટલા કામ પૂર્ણ થયેલ છે, અને

(૩) બાકી રહેલા કામ કયા સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે?

----

## જામનગર જિલ્લામાં ઈનસ્કૂલ શાળાઓમાં ખેલાડીઓને તાલીમ

15/4/1939 *17 **શ્રીમતી રિવાબા રવિન્દ્રસિંહ જાડેજા (જામનગર (ઉત્તર)):**

**રમતગમત અને યુવક સેવા :-**

માનનીય **રમત-ગમતમંત્રીશ્રી (રાજયકક્ષા)**જણાવવા કૃપા કરશે કેઃ-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં જામનગર જિલ્લામાં આવેલ "ઈનસ્કૂલ" શાળાઓમાં કુલ કેટલા ખેલાડીઓએ તાલીમ લીધેલ છે, અને

(૨) ઉકત સ્થિતિએ ઉકત "ઈનસ્કૂલ" શાળાઓના ખેલાડીઓએ કઈ સિધ્ધિઓ મેળવેલ છે?

----

## રાજ્યમાં મહિલા સુરક્ષા સમિતિ

15/4/2474 *18 **ગેનીબેન નગાજી ઠાકોર (વાવ):**

**ગૃહ અને પોલીસ હાઉસિંગ :-**

માનનીય **મુખ્યમંત્રીશ્રી (ગૃહ)** જણાવવા કૃપા કરશે કેઃ-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ રાજયમાં મહિલા ઉપર થતા અત્યાચાર રોકવા માટે રાજ્ય સરકાર દ્વારા રાજયની મહિલા સુરક્ષા સમિતિની રચના કરેલ છે કે કેમ,

(૨) જો હા, તો રાજ્યની મહિલા સુરક્ષા સમિતિના ચેરમેન અને અન્ય સભ્યો કોણ છે, અને

(૩) ઉકત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ઉકત સમિતિની કયારે બેઠકો મળેલ છે?

----

## ગોત્રી-સેવાસી-સિંધરોટ રોડ (વ્હાઈટ ટોપીંગ) રીસરફેસીંગ કરવા બાબત

15/4/1914 *19 **શ્રી કેયુર નારાયણદાસ રોકડિયા (સયાજીગંજ):**

**માર્ગ અને મકાન અને પાટનગર યોજના :-**

માનનીય **મુખ્યમંત્રીશ્રી (માર્ગ અને મકાન)** જણાવવા કૃપા કરશે કેઃ-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ ગોત્રી-સેવાસી-સિંધરોટ રોડ જિ. વડોદરા (વ્હાઈટ ટોપીંગ)ને રીસરફેસીંગ કરવા માટે સરકારનું કોઈ આયોજન છે કે કેમ,

(૨) જો હા, તો કેટલી લંબાઈ માટે કેટલી રકમ મંજૂર કરવામાં આવી છે, અને

(૩) ઉકત સ્થિતિએ આ કામ કયા તબક્કે છે?

----

## આણંદ જિલ્લામાં આરોગ્ય કેન્દ્ર માટે સરકારી જમીન આપવા બાબત

15/4/1902 *20 **શ્રી વિપુલકુમાર વિનુભાઈ પટેલ (સોજિત્રા):**

**મહેસૂલ અને આપત્તિ વ્યવસ્થાપન :-**

માનનીય **મુખ્યમંત્રીશ્રી (મહેસૂલ)** જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં આણંદ જિલ્લામાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર, પેટા આરોગ્ય કેન્દ્ર અને સામુહિક આરોગ્ય કેન્દ્રના હેતુ માટે સરકારી જમીન આપવા અંગે કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને

(૨) મંજૂર કરેલ અરજીઓ પૈકી ઉકત સ્થિતિએ કેટલી જમીનની ફાળવણી કરવામાં આવી?

----

## રાજકોટ અને દાહોદ જિલ્લામાંથી પકડાયેલ ડ્રગ્સનો જથ્થો

15/4/1926 *21 **શ્રી ઉદય કાનગડ (રાજકોટ પૂર્વ):**

**ગૃહ અને પોલીસ હાઉસિંગ :-**

માનનીય **મુખ્યમંત્રીશ્રી (ગૃહ)** જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લાં એક વર્ષમાં રાજકોટ અને દાહોદ જિલ્લામાંથી કેટલુ ડ્રગ્સ પકડવામાં આવ્યું,

(૨) તેની કિંમત કેટલી છે, અને

(૩) ઉકત પકડાયેલ ડ્રગ્સ અન્વયે કેટલા ઈસમોની ધરપકડ કરવામાં આવી?

----

## સુરત જિલ્લામાં પશુધન નિરિક્ષકની મંજૂર જગ્યા

15/4/1891 *22 **શ્રી મોહનભાઈ ધનજીભાઈ ઢોડિયા (મહુવા (એસ.ટી.)):**

**પંચાયત :-**

માનનીય **મુખ્યમંત્રીશ્રી (પંચાયત)** જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ સુરત જિલ્લામાં પશુધન નિરિક્ષકની કેટલી જગ્યા મંજૂર થયેલ છે,

(૨) તે પૈકી ઉકત સ્થિતિએ,કેટલી જગ્યા ભરાયેલ છે,અને

(૩) કેટલી જગ્યા ખાલી છે?

----

## ગુજરાત હાઉસીંગ બોર્ડના આવાસોની સીટી સર્વે સુપ્રિન્ટેન્ડન્ટ ગાંધીનગર કચેરીમાં નોંધ દાખલ કરવા બાબત

15/4/2472 *23 **શ્રી કીરીટકુમાર ચીમનલાલ પટેલ (પાટણ):**

**મહેસૂલ અને આપત્તિ વ્યવસ્થાપન :-**

માનનીય **મુખ્યમંત્રીશ્રી (મહેસૂલ)** જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ગાંધીનગર શહેરી વિસ્તારમાં ગુજરાત હાઉસીંગ બોર્ડના કેટલા આવાસોની સીટી સર્વે સુપ્રિન્ટેન્ડન્ટ ગાંધીનગરની કચેરીમાં નોંધો દાખલ કરવામાં આવી,

(૨) ઉક્ત સ્થિતિએ કેટલા આવાસોની સીટી સર્વે સુપ્રિન્ટેન્ડન્ટ ગાંધીનગરની કચેરીમાં નોંધ દાખલ કરવાની બાકી છે,

(૩) ઉક્ત બાકી આવાસોની સીટી સર્વે સુપ્રિન્ટેન્ડન્ટ ગાંધીનગરની કચેરીમાં નોંધ દાખલ ન કરવાના કારણો શા છે, અને

(૪) બાકી નોંધો ક્યા સુધીમાં દાખલ કરવામાં આવશે?

----

## સુરેન્દ્રનગર જિલ્લામાં નર્મદાની કેનાલ તૂટવા બાબત

15/4/2129 *24 **શ્રી પરસોત્તમભાઈ ખેંગારભાઈ પરમાર (દસાડા):**

**નર્મદા અને કલ્પસર :-**

**માનનીય મુખ્યમંત્રીશ્રી (નર્મદા) જણાવવા કૃપા કરશે કે:-**

(૧) તા.૩૧/૧૨/૨૦૨૩ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર સુરેન્દ્રનગર જિલ્લામાં તાલુકાવાર કેટલીવાર નર્મદાની કેનાલો તૂટી,

(૨) આ કેનાલોની મરામત પાછળ કેટલો ખર્ચ થયો, અને

(૩) ઉક્ત સ્થિતિએ જિલ્લાની નર્મદાની કેનાલોની ફેર ચકાસણી કરી મજબુતીકરણ કરવા સરકારે શી કાર્યવાહી કરેલ છે ?

----

## સ્માર્ટ સીટી પ્રોજેકટ હેઠળ પોરબંદર શહેરને ફાળવેલ રકમ

15/4/2486 *25 **શ્રી અર્જુનભાઈ દેવાભાઈ મોઢવાડીયા (પોરબંદર):**

**શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ :-**

માનનીય **મુખ્યમંત્રીશ્રી (શહેરી વિકાસ)** જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર પોરબંદર શહેરમાં સ્માર્ટ સીટી મિશન (પ્રોજેક્ટ) હેઠળ કેન્દ્ર સરકારે કેટલી રકમ ફાળવી,

(૨) ઉક્ત ફાળવવામાં આવેલ રકમ પૈકી ઉક્ત શહેરમાં વર્ષવાર કેટલી રકમ કયા કામો પાછળ વપરાઈ,

(૩) ઉક્ત વર્ષવાર, શહેરમાં કેટલી રકમ કયા કારણોસર વણવપરાયેલ રહી, અને

(૪) ઉક્ત સ્થિતિએ કેટલા કામો ચાલુ છે તે ક્યાં સુધીમાં પુર્ણ કરવામાં આવશે?

----

## પંચમહાલ જિલ્લામાં નાયબ જિલ્લા વિકાસ અધિકારીની ખાલી જગ્યાઓ ભરવા બાબત

15/4/1893 *26 **શ્રી સી.કે.રાઉલજી (ગોધરા):**

**પંચાયત :-**

માનનીય **મુખ્યમંત્રીશ્રી (પંચાયત)** જણાવવા કૃપા કરશે કેઃ-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ પંચમહાલ જિલ્લામાં નાયબ જિલ્લા વિકાસ અધિકારીની કુલ કેટલી જગ્યાઓ મંજૂર થયેલ છે,

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ કેટલી જગ્યાઓ ભરાયેલ છે અને કેટલી જગ્યાઓ ખાલી છે, અને

(૩) આ ખાલી જગ્યાઓ ભરવા માટે શું આયોજન છે?

----

## ગાંધીનગર જિલ્લાના અડાલજ- કોબા લીંક રોડને વાઈટ ટોપીંગ કરવા બાબત

15/4/1920 *27 **શ્રી અલ્પેશ ખોડાજી ઠાકોર (ગાંધીનગર (દક્ષિણ)):**

**માર્ગ અને મકાન અને પાટનગર યોજના :-**

માનનીય **મુખ્યમંત્રીશ્રી (માર્ગ અને મકાન)** જણાવવા કૃપા કરશે કેઃ-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ ગાંધીનગર જિલ્લામાં અડાલજ-કોબા લીંક રોડને વાઈટ ટોપીંગ માટે મંજુરી મળેલ છે તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો ઉક્ત આ કામગીરી માટે કેટલી રકમની મંજુરી આપવામાં આવેલ છે, અને

(૩) ઉક્ત સ્થિતિએ આ કામગીરી ક્યા તબક્કે છે?

----

## છોટાઉદેપુર જિલ્લામાં સેવાસેતુ કાર્યક્રમ બાબત

15/4/2400 *28 **શ્રી રાજેન્દ્રસિંહ મોહનસિંહ રાઠવા (છોટાઉદેપુર):**

**સામાન્ય વહિવટ :-**

માનનીય **મુખ્યમંત્રીશ્રી (સામાન્ય વહીવટ)**જણાવવા કૃપા કરશે કેઃ-

(૧) તા.૦૧/૦૧/૨૦૨૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં છોટાઉદેપુર જિલ્લામાં તાલુકાવાર સેવાસેતુ કાર્યક્રમ હેઠળ કેટલા કાર્યક્રમો યોજવામાં આવ્યા,

(૨) આ કાર્યક્રમમાં કેટલી સેવાઓ આવરી લેવામાં આવી,અને

(૩) ઉક્ત કાર્યક્રમમાં કેટલી અરજીઓ આવી અને કેટલી નિકાલ કરવામાં આવી ?

----

**રાજ્યમાં આઈ.એ.એસ.નું મંજુર મહેકમ**

15/4/2496 *29 **શ્રી જિગ્નેશ મેવાણી (વડગામ):**

**સામાન્ય વહિવટ :-**

માનનીય **મુખ્યમંત્રીશ્રી (સામાન્ય વહીવટ)**જણાવવા કૃપા કરશે કેઃ-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ રાજ્યમાં આઈ.એ.એસ. અધિકારીઓની કુલ કેટલી જગ્યાઓ મંજૂર થયેલ છે,

(૨) ઉક્ત સ્થિતિએ તે અન્વયે કેટલી જગ્યાઓ ખાલી છે, અને

(૩) ઉક્ત મંજૂર થયેલ જગ્યાઓ પૈકી ઉક્ત સ્થિતિએ રાજયના કેટલા આઈ.એ.એસ. અધિકારીઓ કેન્દ્રમાં ડેપ્યુટેશન પર છે?

----

**અમૃત ૨.૦ મિશન અંતર્ગત આણંદ નગરપાલિકાની કામગીરી**

15/4/1898 *30 **શ્રી યોગેશ આર. પટેલ (આણંદ):**

**શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ :-**

માનનીય **મુખ્યમંત્રીશ્રી (શહેરી વિકાસ)** જણાવવા કૃપા કરશે કેઃ-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અમૃત ૨.૦ મિશન અંતર્ગત આણંદ નગરપાલિકામાં કેટલા કામ હાથ ધરવામાં આવેલ છે,

(૨) ઉક્ત સ્થિતિએ તે પૈકી કેટલા કામ પૂર્ણ થયેલ છે, અને

(૩) બાકી રહેલા કામ કયા સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે?

----

**નવસારી જિલ્લામાં સરકારી જમીનમાં ઝીંગા ફાર્મ**

15/4/2501 *31 **શ્રી અનંતકુમાર હસમુખભાઇ પટેલ (વાંસદા):**

**મહેસૂલ અને આપત્તિ વ્યવસ્થાપન :-**

૧૪મી ગુજરાત વિધાનસભાના આઠમા સત્રમાં તા.૦૬/૦૩/૨૦૨૧ના રોજ સભાગૃહમાં રજૂ થયેલો તારાંકિત પ્રશ્ન ક્રમાંક:૩૨૭૯૫ (અગ્રતા-૨૦)ના અનુસંધાને માનનીય મુખ્યમંત્રીશ્રી (મહેસૂલ) જણાવવા કૃપા કરશે કે:

(૧) નવસારી જિલ્લાના જલાલપોર તાલુકાના કરાડી, કરાંખટ, વાંસી તથા બોરસી ગામોમાં સરકારી પડતર, ખરાબાની જમીનમાં ગેરકાયદેસર દબાણ કરીને ઝીંગા ઉછેર કેન્દ્ર/ ઝીંગા ફાર્મ ચાલી રહેલ હોવા અંગેની મળેલ રજૂઆત બાબતે સંબંધિત અધિકારીને જરૂરી જાણ કરી અહેવાલ મોકલી આપવા જણાવેલ તે અહેવાલ તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ ક્યારે મળેલ છે,

(૨) ઉક્ત સ્થિતિએ અહેવાલ મુજબ કેટલી જમીનમાં ગેરકાયદેસર ઝીંગા ઉછેર કેન્દ્ર/ઝીંગા ફાર્મ ચાલી રહ્યાનું સામે આવ્યું,

(૩) તે અન્વયે ઉક્ત સ્થિતિએ કેટલી જમીનમાંથી ગેરકાયદેસર દબાણ દૂર કરી જમીન ખુલ્લી કરવામાં આવી, અને

(૪) ઉક્ત સ્થિતિએ કેટલી જમીનમાંથી દબાણ દૂર કરવાનું છે, તે ક્યાં સુધીમાં કરવામાં આવશે?

----

**ભાવનગર જિલ્લાના મહુવા તાલુકામાં ખનીજની નવી લીઝો આપવા બાબત**

15/4/2280 *32 **શ્રી શિવાભાઇ જેરામભાઇ ગોહિલ (મહુવા):**

**ખાણ અને ખનિજ :-**

માનનીય **મુખ્યમંત્રીશ્રી (ખાણ અને ખનિજ)** જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા.૨૩/૦૧/૨૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ભાવનગરના મહુવા તાલુકામાં કેટલી ખનીજોની નવી લીઝ આપવા આવી, અને

(૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત લીઝોમાંથી રાજ્ય સરકારને રોયલ્ટી પેટે કેટલી આવક થઈ?

----

**ભરૂચ જિલ્લામાં ઈનસ્કૂલ શાળાઓમાં ખેલાડીઓને તાલીમ**

15/4/1940 *33 **શ્રી ડી.કે.સ્વામી (જંબુસર):**

**રમતગમત અને યુવક સેવા :-**

માનનીય **રમત-ગમતમંત્રીશ્રી (રાજયકક્ષા)**જણાવવા કૃપા કરશે કેઃ-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ભરૂચ જિલ્લામાં આવેલ "ઈનસ્કૂલ" શાળાઓમાં કુલ કેટલા ખેલાડીઓએ તાલીમ લીધેલ છે, અને

(૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત "ઈનસ્કૂલ" શાળાઓના ખેલાડીઓએ કઈ સિદ્ધિઓ મેળવેલ છે?

----

## રાજ્યમાં ખાનગી ટ્રાવેલ્સ ચલાવવા માટે કોન્ટ્રાકટ કેરેજ પરમીટ આપવા બાબત

15/4/2448 *34 **શ્રી હેમંતભાઈ હરદાસભાઈ આહિર (જામજોધપુર)઼:**

**વાહન વ્યવહાર :-**

માનનીય **વાહન વ્યવહારમંત્રીશ્રી (રાજ્યકક્ષા)** જણાવવા કૃપા કરશે કેઃ-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ રાજયમાં ખાનગી ટ્રાવેલ્સ ચલાવવા માટે કોન્ટ્રાક્ટ કેરેજ પરમીટ આપવામાં આવે છે પરંતુ સ્ટેજ કેરેજ પરમીટ આપવામાં આવતી નથી, આ હકીકત સાચી છે, અને

(૨) જો હા, તો તેના કારણો શા છે ?

----

## જૂનાગઢ જિલ્લામાં બિનખેતી માટેની પરવાનગી માંગતી અરજી

15/4/1904 *35 **શ્રી ભગવાનજીભાઈ લાખાભાઈ કરગટીયા (માંગરોળ)઼:**

**મહેસૂલ અને આપત્તિ વ્યવસ્થાપન :-**

માનનીય **મુખ્યમંત્રીશ્રી (મહેસૂલ)** જણાવવા કૃપા કરશે કેઃ-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં જૂનાગઢ જિલ્લામાં બિનખેતી માટેની પરવાનગી માંગતી કેટલી અરજીઓ મળેલ છે,

(૨) ઉક્ત સ્થિતિએ જૂનાગઢ જિલ્લામાં તાલુકાવાર જમીનની બિનખેતી માટેની કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી અને કેટલી નામંજૂર કરવામાં આવી, અને

(૩) આવી અરજીઓ નામંજૂર કરવાના કારણો શા છે?

----

## મહિસાગર જિલ્લામાં નાયબ જિલ્લા વિકાસ અધિકારીની ખાલી જગ્યાઓ ભરવા બાબત

15/4/1994 *36 **શ્રી માનસિંહ કોહ્યાભાઈ ચૌહાણ (બાલાસિનોર)઼:**

**પંચાયત :-**

માનનીય **મુખ્યમંત્રીશ્રી (પંચાયત)** જણાવવા કૃપા કરશે કેઃ-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ મહિસાગર જિલ્લામાં નાયબ જિલ્લા વિકાસ અધિકારીની કુલ કેટલી જગ્યા મંજૂર થયેલ છે,

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ કેટલી જગ્યાઓ ભરાયેલ છે અને કેટલી જગ્યાઓ ખાલી છે, અને

(૩) આ ખાલી જગ્યાઓ ભરવા માટે શું આયોજન છે?

----

## ગીર સોમનાથ જિલ્લામાં માંગરોળ બંદરમાં જેટી અને ટ્રેટાપોડનું કામ

15/4/2446 *37 **શ્રી વિમલભાઈ કાનાભાઈ ચુડાસમા (સોમનાથ):**

**બંદરો :-**

માનનીય **મુખ્યમંત્રીશ્રી (બંદરો)** જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા.૩૧-૧-૨૦૨૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ગીર સોમનાથ જિલ્લામાં માંગરોળ બંદરમાં જેટી અને ટ્રેટાપોડનું કામ હલકી અને નબળી ગુણવત્તાનું થયેલ હોવાની કેટલી ફરીયાદો મળી,

(૨) મળેલ ફરીયાદો અન્વયે કઈ કક્ષાએથી તપાસ કરવામાં આવી,

(૩) ઉક્ત તપાસ દરમ્યાન ઉક્ત બંદરમાં જેટીની કામગીરીમાં કેવા પ્રકારની ખામીઓ જોવા મળી, અને

(૪) તે અન્વયે ઉક્ત સ્થિતિએ ક્યારે કોની સામે શા પગલાં લીધાં ?

----

## ખેડા જિલ્લામાં રમતના મેદાનો

15/4/1930 *38 **શ્રી સંજયસિંહ વિજયસિંહ મહિડા (મહુધા):**

**રમતગમત અને યુવક સેવા :-**

માનનીય **રમત-ગમતમંત્રીશ્રી (રાજયકક્ષા)**જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ ખેડા જિલ્લામાં જિલ્લા રમત સંકુલ કાર્યરત છે કે કેમ,

(૨) જો હા, તો ઉક્ત જિલ્લા રમત સંકુલમાં ઉક્ત સ્થિતિએ કેટલી રમતના મેદાનો આવેલ છે, અને

(૩) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ઉક્ત જિલ્લા રમત સંકુલ પાછલ કેટલો ખર્ચ થયેલ છે?

----

## મહેસાણા જિલ્લામાં નાયબ જિલ્લા વિકાસ અધિકારીની ખાલી જગ્યાઓ ભરવા બાબત

15/4/1894 *39 **શ્રી કિરીટકુમાર કેશવલાલ પટેલ (કે.કે.પટેલ) (ઉંઝા):**

**પંચાયત :-**

માનનીય **મુખ્યમંત્રીશ્રી (પંચાયત)** જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ મહેસાણા જિલ્લામાં નાયબ જિલ્લા વિકાસ અધિકારીની કુલ કેટલી જગ્યા મંજૂર થયેલ છે,

(૨) તે પૈકી ઉકત સ્થિતિએ કેટલી જગ્યાઓ ભરાયેલ છે અને કેટલી જગ્યાઓ ખાલી છે, અને

(૩) આ ખાલી જગ્યાઓ ભરવા માટે શું આયોજન છે?

----

**બનાસકાંઠા અને મહેસાણા જિલ્લામાં સરકારી, પડતર, ખરાબા અને ગૌચરની જમીન ફાળવવા બાબત**

15/4/2490 *40 **શ્રી કાન્તીભાઈ કાળાભાઈ ખરાડી (દાંતા):**

**મહેસૂલ અને આપત્તિ વ્યવસ્થાપન :-**

માનનીય **મુખ્યમંત્રીશ્રી (મહેસૂલ)** જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર બનાસકાંઠા અને મહેસાણા જિલ્લામાં જિલ્લાવાર સરકારી, પડતર, ખરાબા અને ગૌચરની કેટલી જમીન ભાડે અથવા વેચાણ આપવાના હુકમો કરવામાં આવ્યા,

(૨) ઉકત સ્થિતિએ ભાડે અથવા વેચાણ આપેલ જમીન અન્વયે સરકારને કેટલી આવક થઈ, અને

(૩) ઉકત સ્થિતિએ ભાડે અથવા વેચાણ આપેલ જમીનમાં હેતુફેર ઉપયોગ થવાની કેટલી ફરિયાદો સરકારને મળી?

----

**એફ.એસ.એલ.માં સસ્પેકટ ડીટેકશન સીસ્ટમ પધ્ધતિથી કેસો/નમૂનાઓનું પૃથકકરણ**

15/4/1923 *41 **શ્રી અમિત ઠાકર (વેજલપુર):**

**ગૃહ અને પોલીસ હાઉસિંગ :-**

માનનીય **મુખ્યમંત્રીશ્રી (ગૃહ)** જણાવવા કૃપા કરશે કે:-

તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લાં એક વર્ષમાં રાજ્યની ફોરેન્સિક સાયન્સ લેબોરેટરીમાં સસ્પેકટ ડીટેકશન સીસ્ટમ પધ્ધતિથી કેટલા કેસો/નમૂનાઓનું પૃથકકરણ કરવામાં આવેલ છે?

----

**સુરેન્દ્રનગર અને રાજકોટ જિલ્લામાં ઈનસ્કૂલ શાળાઓમાં ખેલાડીઓને તાલીમ**

15/4/1941 *42 **શ્રી શામજીભાઈ ભીમજીભાઈ ચૌહાણ (ચોટીલા):**

**રમતગમત અને યુવક સેવા :-**

માનનીય **રમત-ગમતમંત્રીશ્રી (રાજયકક્ષા)**જણાવવા કૃપા કરશે કેઃ-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સુરેન્દ્રનગર અને રાજકોટ જિલ્લામાં આવેલ "ઈનસ્કૂલ" શાળાઓમાં કુલ કેટલા ખેલાડીઓએ તાલીમ લીધેલ છે, અને

(૨) ઉક્ત સ્થિતિએ "ઈનસ્કૂલ" શાળાઓમાં રાજ્ય સરકાર દ્વારા કઈ સુવિધાઓ આપવામાં આવે છે?

----

## દાહોદ જિલ્લામાં રમત ગમત સંકુલ માટે જમીન ફાળવવા બાબત

15/4/1901 *43 **શ્રી મહેશભાઈ ભુરીયા (ઝાલોદ):**

**મહેસૂલ અને આપત્તિ વ્યવસ્થાપન :-**

માનનીય **મુખ્યમંત્રીશ્રી (મહેસૂલ)** જણાવવા કૃપા કરશે કેઃ-

(૧) દાહોદ જિલ્લામાં તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રમત ગમત સંકુલ માટે સરકારી જમીન આપવા અંગે કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને

(૨) મંજૂર કરેલ અરજીઓ પૈકી ઉક્ત સ્થિતિએ કેટલી જમીનની ફાળવણી કરવામાં આવી?

----

## જામનગર અને બનાસકાંઠા જિલ્લામાંથી પકડાયેલ ડ્રગ્સનો જથ્થો

15/4/1925 *44 **શ્રી પ્રવિણકુમાર ગોરધનજી માળી (ડીસા):**

**ગૃહ અને પોલીસ હાઉસિંગ :-**

માનનીય **મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કેઃ-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લાં એક વર્ષમાં જામનગર અને બનાસકાંઠા જિલ્લામાંથી કેટલુ ડ્રગ્સ પકડવામાં આવ્યું,

(૨) તેની કિંમત કેટલી છે, અને

(૩) ઉક્ત પકડાયેલ ડ્રગ્સ અન્વયે કેટલા ઈસમોની ધરપકડ કરવામાં આવી?

----

## રાજ્યમાં નિવૃત્તિ બાદ પુનઃ નિમણુંકમાં અનામત જાળવવા બાબત

15/4/2479 *45 **ડૉ. તુષાર અમરસિંહ ચૌધરી (ખેડબ્રમ્હા):**

**સામાન્ય વહિવટ :-**

માનનીય **મુખ્યમંત્રીશ્રી (સામાન્ય વહીવટ)**જણાવવા કૃપા કરશે કેઃ-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ રાજ્યમાં વયનિવૃત્તિ બાદ કરાર આધારિત નિમણૂક

આપવા બાબતે સામાન્ય વહીવટ વિભાગની મંજુરી લેવાની થાય છે તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો આવી નિમણુંકોમાં અનામતના ધોરણો જાળવવામાં આવે છે કે કેમ, અને

(૩) જો ના, તો તેના કારણો શા છે?

----

## જૂનાગઢ અને ગીર સોમનાથ જિલ્લામાં શૂન્ય ગૌચર

15/4/2462 *46 **શ્રી અરવિંદભાઈ જીણાભાઈ લાડાણી (માણાવદર):**

**મહેસૂલ અને આપત્તિ વ્યવસ્થાપન :-**

માનનીય **મુખ્યમંત્રીશ્રી (મહેસૂલ)** જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ જૂનાગઢ અને ગીર સોમનાથ જિલ્લામાં જિલ્લાવાર કયા ગામોમાં શૂન્ય ગૌચર છે અને કયા ગામોમાં લઘુત્તમ ગૌચર કરતાં ઓછું ગૌચર છે,

(૨) ઉક્ત ગામોમાં શૂન્ય ગૌચર અને લઘુત્તમ કરતાં ઓછું ગૌચર હોવાના કારણો શા છે અને તેના માટે જવાબદાર કોણ છે,

(૩) ઉક્ત ગામોમાં વૈકલ્પિક જમીન ગૌચર તરીકે નીમ કરવા મહેસુલ વિભાગ તરફથી શા આદેશો આપવામાં આવ્યા છે, અને

(૪) ઉક્ત ગામોમાં ક્યાં સુધીમાં વૈકલ્પિક જમીન ફાળવવામાં આવનાર છે?

----

## અમદાવાદ શહેરમાં બી.યુ. પરમીશન વગર ફ્લેટ/મકાન વેચાણ કર્યાની ઘટના

15/4/2499 *47 **શ્રી દિનેશભાઈ આતાજી ઠાકોર (ચાણસ્મા):**

**શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ :-**

માનનીય **મુખ્યમંત્રીશ્રી (શહેરી વિકાસ)** જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અમદાવાદ શહેરના ગોતા વિસ્તારમાં બી.યુ. પરમીશન વગર ફ્લેટ/મકાન વેચાણ કર્યા હોવાની અને પઝેશન આપ્યું હોવા અંગેની કેટલી ઘટના સામે આવી,

(૨) તે અન્વયે કેટલા બિલ્ડર સામે શા પગલાં લેવામાં આવ્યા, અને

(૩) બિલ્ડીંગના બી.યુ. પરમીશન વગર વેચાણ કે પઝેશન બિલ્ડરો દ્વારા ન આપવામાં આવે તે માટે શા પગલાં લેવામાં આવ્યા?

----

## ગાંધીનગર અને અમદાવાદ જિલ્લામાં શ્રીસરકાર જમીનને ખાનગી વ્યકિતના નામે કરવા બાબત

15/4/2465 *48 **શ્રી અમિત ચાવડા (આંકલાવ):**

**મહેસૂલ અને આપત્તિ વ્યવસ્થાપન :-**

માનનીય **મુખ્યમંત્રીશ્રી (મહેસૂલ)** જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર ગાંધીનગર અને અમદાવાદ જિલ્લામાં કેટલા કિસ્સામાં શ્રીસરકાર થયેલ કેટલી જમીન પરત કરવાના કે અન્ય ખાનગી વ્યક્તિઓના નામે કરવાના હુકમ કરવામાં આવ્યા,

(૨) તે અન્વયે ઉકત વર્ષવાર, જિલ્લાવાર સરકારને કેટલી આવક થઈ, અને

(૩) ઉકત શ્રીસરકાર જમીન ખાનગી વ્યક્તિઓના નામે કરવાના મુખ્ય કારણો શા છે?

----

## બનાસકાંઠા જિલ્લામાં મહિલાઓ પર દુષ્કર્મના બનાવો

15/4/2475 *49 **ગેનીબેન નગાજી ઠાકોર (વાવ):**

**ગૃહ અને પોલીસ હાઉસિંગ :-**

માનનીય **મુખ્યમંત્રીશ્રી (ગૃહ)** જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર બનાસકાંઠા જિલ્લામાં મહિલાઓ ઉપર બળાત્કાર, દુષ્કર્મો અને છેડતીના કેટલા કેસો બન્યા છે,

(૨) ઉકત સ્થિતિએ ઉકત જિલ્લામાં કેટલા ઈસમોની ધરપકડ કરવામાં આવી અને કેટલા ઈસમોની ધરપકડ કરવાની બાકી છે, અને

(૩) આવા કિસ્સા બનતા અટકાવવા સરકારે શાં પગલાં લીધેલ છે?

----

## વડોદરા શહેરમાં ફુડ સેફટી ઓફીસરની મંજૂર જગ્યા

15/4/2459 *50 **શ્રી કેયુર નારાયણદાસ રોકડિયા (સયાજીગંજ):**

**શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ :-**

માનનીય **મુખ્યમંત્રીશ્રી (શહેરી વિકાસ)** જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ વડોદરા શહેર માટે કેટલા ફુડ સેફ્ટી ઓફિસરની જગ્યાઓ મંજૂર થયેલ છે,

(૨) ઉકત સ્થિતિએ મંજૂર જગ્યાઓ પૈકી કેટલી જગ્યાઓ ભરાયેલ છે,કેટલી જગ્યાઓ ખાલી છે, અને

(૩) આ ખાલી જગ્યાઓ કયાં સુધીમાં ભરવામાં આવશે?

----

## મોરબી જિલ્લાના હળવદ ગામના તળાવ અને આસપાસના વિસ્તારોમાં દબાણ

15/4/2473 *51 **શ્રી કીરીટકુમાર ચીમનલાલ પટેલ (પાટણ):**

**મહેસૂલ અને આપત્તિ વ્યવસ્થાપન :-**

માનનીય **મુખ્યમંત્રીશ્રી (મહેસૂલ)** જણાવવા કૃપા કરશે કે:-

(૧) નામદાર ગુજરાત હાઈકોર્ટ તા.૧૮/૦૪/૨૦૦૧ના રોજ અલગ અલગ સ્પે. સીવીલ એપ્લીકેશનો પર કોમન ઓરલ જજમેન્ટ આપીને મહેસુલ વિભાગ હસ્તકના તળાવો તથા પાણી સ્રોતોની જાળવણી કરવા તથા તેમાં થયેલ કોઈપણ જાતના દબાણો અગ્રતાના ધોરણે ખુલ્લા કરવા ડાયરેકશન આપેલ છે તેના અનુસંધાને તા.૨૦/૦૬/૨૦૦૧ના રોજ પરીપત્ર પ્રસિધ્ધ કરેલ છે તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ મોરબી જિલ્લાના હળવદ ગામના સામતસર તળાવ અને આસપાસ કેટલા વિસ્તારમાં કયા પ્રકારના દબાણો થયેલ છે,

(૩) ઉકત દબાણો દૂર ન કરવાના કારણો શા છે,

(૪) ઉકત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ઉકત દબાણો દૂર કરવા કેટલી ફરીયાદો મળી, અને

(૫) ઉકત બાકી દબાણો ક્યાં સુધીમાં દૂર કરવામાં આવશે?

----

## ડિઝાસ્ટર મેનેજમેન્ટ અંતર્ગત કેન્દ્ર સરકાર તરફથી ફાળવેલ રકમ

15/4/2487 *52 **શ્રી અર્જુનભાઈ દેવાભાઈ મોઢવાડીયા (પોરબંદર):**

**મહેસૂલ અને આપત્તિ વ્યવસ્થાપન :-**

માનનીય **મુખ્યમંત્રીશ્રી (આપત્તિ વ્યવસ્થાપન)**જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કઈ કુદરતી આપત્તિને પહોંચી વળવા માટે રાજ્ય સરકાર દ્વારા કેન્દ્ર સરકાર સમક્ષ કેટલી રકમની માંગણી કરવામાં આવી,

(૨) તે અન્વયે ઉકત વર્ષવાર કેન્દ્ર સરકાર તરફથી કેટલી રકમ મળી, અને

(૩) મળેલ રકમ પૈકી કેટલી રકમ કયા હેતુ માટે વાપરવામાં આવી?

----

## છોટાઉદેપુર જિલ્લામાં ખનીજની લીઝો બાબત

15/4/2401 *53 **શ્રી રાજેન્દ્રસિંહ મોહનસિંહ રાઠવા (છોટાઉદેપુર):**

**ખાણ અને ખનિજ :-**

માનનીય **મુખ્યમંત્રીશ્રી (ખાણ અને ખનિજ)** જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા.૦૧/૦૧/૨૦૨૪ની સ્થિતિએ છોટાઉદેપુર જિલ્લામાં તાલુકાવાર કયા ખનીજની કેટલી લીઝો આવેલી છે, અને

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર તાલુકાવાર સરકારને રોયલ્ટી પેટે કેટલી આવક થઈ?

----

## નવસારી અને સુરત જિલ્લામાં શૂન્ય ગૌચર

15/4/2503 *54 **શ્રી અનંતકુમાર હસમુખભાઈ પટેલ (વાંસદા):**

**મહેસૂલ અને આપત્તિ વ્યવસ્થાપન :-**

માનનીય **મુખ્યમંત્રીશ્રી (મહેસૂલ)** જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ નવસારી અને સુરત જિલ્લામાં જિલ્લાવાર કયા ગામોમાં શૂન્ય ગૌચર છે અને કયા ગામોમાં લઘુત્તમ ગૌચર કરતાં ઓછું ગૌચર છે,

(૨) ઉક્ત ગામોમાં શૂન્ય ગૌચર અને લઘુત્તમ કરતાં ઓછું ગૌચર હોવાના કારણો શા છે અને તેના માટે જવાબદાર કોણ છે,

(૩) ઉક્ત ગામોમાં વૈકલ્પિક જમીન ગૌચર તરીકે નીમ કરવા મહેસુલ વિભાગ તરફથી શા આદેશો આપવામાં આવ્યા છે, અને

(૪) ઉક્ત ગામોમાં ક્યાં સુધીમાં વૈકલ્પિક જમીન ફાળવવામાં આવનાર છે?

----

## આઈ.એચ.એસ.ડી.પી. યોજના અંતર્ગત મહુવા શહેરી વિસ્તારમાં બિલ્ડીંગોના બાંધકામ

15/4/2281 *55 **શ્રી શિવાભાઈ જેરામભાઈ ગોહિલ (મહુવા):**

**શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ :-**

માનનીય **મુખ્યમંત્રીશ્રી (શહેરી વિકાસ)** જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા.૨૩/૦૧/૨૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં આઈ.એચ.એસ.ડી.પી. યોજના (I.H.S.D.P.) અન્વયે મહુવા શહેરી વિસ્તારમાં કેટલા બિલ્ડીંગનું બાંધકામ કરવામાં આવ્યું છે,

(૨) ઉક્ત સ્થિતિએ આ યોજના અન્વયે કેટલા લાભાર્થીઓને મકાન સોંપવામાં આવ્યા, અને

(૩) ઉક્ત યોજના અન્વયે કેટલો ખર્ચ કરવામાં આવ્યો?

----

## સુરેન્દ્રનગર અને મોરબી જિલ્લામાં નર્મદા કેનાલ તુટવા અથવા લીકેજ થવા બાબત

15/4/2450 *56 **શ્રી હેમંતભાઈ હરદાસભાઈ આહિર (જામજોધપુર):**

**નર્મદા અને કલ્પસર :-**

માનનીય **મુખ્યમંત્રીશ્રી (નર્મદા)** જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૩ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં નર્મદા કેનાલથી ખેડૂતોને આપવામાં આવતા સિંચાઈના પાણીથી કેનાલ તુટવા અથવા લીકેજની સુરેન્દ્રનગર અને મોરબી જિલ્લામાં કેટલી ઘટનાઓ બની,અને

(૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત ઘટનાઓ ન બને તે માટે સરકારે શાં પગલાં લીધા?

----

## ગાંધીનગર જિલ્લાના લિહોડામાં લઠ્ઠાકાંડમાં થયેલ કાર્યવાહી

15/4/2493 *57 **શ્રી કાન્તીભાઈ કાળાભાઈ ખરાડી (દાંતા):**

**ગૃહ અને પોલીસ હાઉસિંગ :-**

માનનીય **મુખ્યમંત્રીશ્રી (ગૃહ)** જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા.૩૦/૦૧/૨૦૨૪ની સ્થિતિએ છેલ્લા એક માસમાં ગાંધીનગર જિલ્લાના દહેગામ તાલુકાના લિહોડામાં દેશી દારૂ પીવાના કારણે કેટલા નાગરીકોના મોત થયા,

(૨) ઉક્ત ઘટનામાં સંબંધિત પોલીસ સ્ટેશનના જવાબદાર અધિકારીઓ સામે શા પગલાં લીધાં, અને

(૩) આવા બનાવોમાં નાગરીકો મૃત્યુ ન પામે તે માટે ગેરકાયદેસર દેશી દારૂના વેચાણ અટકાવવા શા આદેશો આપવામાં આવ્યા?

----

## જૂનાગઢ અને ગીર સોમનાથ જિલ્લામાં સરકારી, પડતર, ખરાબા અને ગૌચરની જમીન ફાળવવા બાબત

15/4/2463 *58 **શ્રી અરવિંદભાઈ જીણાભાઈ લાડાણી (માણાવદર):**

**મહેસૂલ અને આપત્તિ વ્યવસ્થાપન :-**

માનનીય **મુખ્યમંત્રીશ્રી (મહેસૂલ)** જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર જૂનાગઢ અને ગીર સોમનાથ જિલ્લામાં જિલ્લાવાર સરકારી, પડતર, ખરાબા અને ગૌચરની કેટલી જમીન ભાડે અથવા વેચાણ આપવાના હુકમો કરવામાં આવ્યા,

(૨) ઉક્ત સ્થિતિએ ભાડે અથવા વેચાણ આપેલ જમીન અન્વયે સરકારને કેટલી આવક થઈ, અને

(૩) ઉક્ત સ્થિતિએ ભાડે અથવા વેચાણ આપેલ જમીનમાં હેતુફેર ઉપયોગ થવાની કેટલી ફરિયાદો સરકારને મળી?

----

**અમદાવાદ અને જૂનાગઢ શહેર/જિલ્લાવાર PI અને PSI સામે તોડકાંડમાં નોંધાયેલ ગુનાઓ બાબત**

15/4/2466 *59 **શ્રી અમિત ચાવડા (આંકલાવ):**

**ગૃહ અને પોલીસ હાઉસિંગ :-**
માનનીય **મુખ્યમંત્રીશ્રી (ગૃહ)** જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા.૩૧/૦૧/૨૦૨૪ની સ્થિતિએ અમદાવાદ અને જૂનાગઢ શહેર/જિલ્લાવાર કેટલા પોલીસ ઈન્સ્પેકટર અને પોલીસ સબ ઈન્સ્પેકટરો સહિત અધિકારીઓ સામે તોડકાંડ બદલ કેટલા ગુનાઓ નોંધાયા,

(૨) ઉક્ત શહેર/જિલ્લાવાર કેટલા ઈસમોને પકડાયા અને કયા ઈસમોને પકડવાના બાકી છે, અને

(૩) ઉક્ત બાકી ઈસમોને પકડવા શા પગલાં લેવામાં આવ્યા?

----

**કચ્છ જિલ્લાના ખારઈ ગામની જમીન માપણી કરી દુરસ્તી કરવા બાબત**

15/4/2488 *60 **શ્રી અર્જુનભાઈ દેવાભાઈ મોઢવાડીયા (પોરબંદર):**

**મહેસૂલ અને આપત્તિ વ્યવસ્થાપન :-**
માનનીય **મુખ્યમંત્રીશ્રી (મહેસૂલ)** જણાવવા કૃપા કરશે કે:-

(૧) કલેકટર કચ્છના તા.૦૧/૦૭/૨૦૨૨ના પત્રથી કચ્છ જિલ્લાના લખપત તાલુકાના ખારઈ ગામના સર્વે નંબરોમાં જમીનની માપણી કરી દુરસ્તી કરીને લીઝમાંથી મુકત/છુટી કરવા સરકારને જણાવેલ છે તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો તે અન્વયે તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ શી કાર્યવાહી કરીને ઉક્ત ગામના કેટલા સર્વે નંબરોવાળી જમીનની માપણી કરી દુરસ્તી કરવામાં આવી અને કેટલા સર્વે નંબરવાળી જમીનની માપણી કરી, કયા કારણોસર દુરસ્તી કરવાની બાકી છે, અને

(૩) ઉક્ત બાકી કામગીરી કયાં સુધીમાં પુર્ણ કરીને દુરસ્તી કરવામાં આવશે?

----

**છોટાઉદેપુર જિલ્લામાં જુથ ગ્રામ પંચાયતોની વિભાજન બાબત**

15/4/2402 *61 **શ્રી રાજેન્દ્રસિંહ મોહનસિંહ રાઠવા (છોટાઉદેપુર):**

**પંચાયત :-**

માનનીય **મુખ્યમંત્રીશ્રી (પંચાયત)** જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા. ૦૧/૦૧/૨૦૨૪ ની સ્થિતિએ છોટાઉદેપુર જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર કેટલી જુથ ગ્રામ પંચાયતોની વિભાજનની દરખાસ્તો સરકારને મળી ,

(૨) ઉક્ત સ્થિતિએ વર્ષવાર કેટલી ગ્રામ પંચાયતોનું વિભાજન કરવામાં આવેલ છે ,અને

(૩) કેટલી ગ્રામ પંચાયતની દરખાસ્તો કયા કારણે નામંજૂર કરી છે ?

----

**ભાવનગર જિલ્લાના મહુવા ખાતે રમત ગમત સંકુલ બનાવવા બાબત**

15/4/2505 *62 **શ્રી શિવાભાઈ જેરામભાઇ ગોહિલ (મહુવા):**

**રમતગમત અને યુવક સેવા :-**

માનનીય **રમત-ગમતમંત્રીશ્રી (રાજયકક્ષા)**જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા.૩૦/૦૧/૨૦૨૪ની સ્થિતિએ ભાવનગર જિલ્લાના મહુવા ખાતે રમત-ગમત સંકુલ બનાવવાનું સરકારનું કોઈ આયોજન છે કે કેમ, અને

(૨) જો હા, તો ઉક્ત સંકુલ બનાવવા માટે છેલ્લા બે વર્ષમાં શી કાર્યવાહી કરવામાં આવી છે?

----

**જામનગર અને દેવભૂમિ દ્વારકા જીલ્લામાં મીઠા ઉદ્યોગ માટે જમીન ફાળવણી**

15/4/2455 *63 **શ્રી હેમંતભાઈ હરદાસભાઈ આહિર (જામજોધપુર):**

**મહેસૂલ અને આપત્તિ વ્યવસ્થાપન :-**

માનનીય **મુખ્યમંત્રીશ્રી (મહેસૂલ)** જણાવવા કૃપા કરશે કે:-

તા.૩૧/૦૧/૨૦૨૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં જામનગર અને દેવભૂમિ દ્વારકા જીલ્લામાં મીઠા ઉદ્યોગ માટે કયાં અને કેટલી જમીન ફાળવવામાં આવી છે?

----